# ઇન્સ્ટીટયુટ ઓફ ડીસ્ટન્સ એજયુકેશન (આઇડિયા), આ.કૃ.યુ., આણંદ દ્વારા કીટનાશક દવાઓના ઉપયોગ માટે વપરાતા ઉપકરણોની ઓળખ તેમજ સલામતીના પગલાઓ વિશે પ્રાયોગિક તાલીમ આપવામા આવી

ઇનપુટ ડીલરો એ ગ્રામ્ય કક્ષાએ બિયારણ, ખાતર, દવાઓ અને મશીનરીનું ખેડુતોને વેચાણ અને પોતાની રીતે કૃષિને લગતું માર્ગદર્શન આપતા હોય છે. જો તેઓને કૃષિ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલી વૈજ્ઞાનિક ભલામણો તથા અન્ય બાબતોથી માહિતગાર કરવામા આવે તો જ્ઞાન ને ખેડૂત સમુદાય સુધી ઝડપથી પહોચાડીને કૃષિ વિકાસમાં મોટુ યોગદાન આપી શકાય તેમ છે.

આ સંદર્ભમાં ઇનપુટ ડિલરો માટે સર્ટીફીકેટ કોર્ષ ઓન ઇન્સેકટીસાઇડસ મેનેજમેન્ટ ફોર ઇન્સેકટીસાઇડસ ડીલર્સ/ ડીસ્ટ્રીબ્યુટર્સ" નો પ્રમાણપત્ર અભ્યાસક્રમ આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા તેના જુદા જુદા કેન્દ્રો શરૂ કરવામાં આવેલ છે.

અત્રેની ઇન્સ્ટીટયુટ ઓફ ડીસ્ટન્સ એજયુકેશન(આઇડિયા), આ.કૃ.યુ., આણંદ કચેરી ખાતે ચાલતા 12 દિવસીય સર્ટીફીકેટ કોર્ષ માટે "સર્ટીફીકેટ કોર્ષ ઓન ઇન્સેકટીસાઇડસ મેનેજમેન્ટ ફોર ઇન્સેકટીસાઇડસ ડીલર્સ/ ડીસ્ટ્રીબ્યુટર્સ" અંતર્ગત બે બેચો કાર્યરત છે. જે અંતર્ગત અનુક્રમે તા. 30.07.2021 અને 31.07.2021 ના રોજ બેચ 1 અને બેચ 2 ને પ્રાયોગિક તાલીમ આપવામાં આવી.

પ્રાયોગીક તાલીમની શરૂઆતમાં ડો. એચ. બી. પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, આકૃયુ, આણંદ દ્વારા કોર્ષ બાબતની જાણકારી અને માર્ગદર્શન આપેલ હતુ. ડો. જી. એન. થોરાત, નિયામકશ્રી (ઇચા.) અને મદદનીશ પ્રાધ્યાપક. ઇન્સ્ટીટયુટ ઓફ ડીસ્ટન્સ એજયુકેશન(આઇડિયા),, આ.કૃ.યુ., આણંદએ ઇનપુટ ડિલરોને સંપુર્ણ કોર્ષ દરમિયાન થનાર પ્રવુતીઓથી અવગત કરાવ્યા હતા.

ડૉ. ડી.બી. સિસોદીયા, સહપ્રાધ્યાપક અને વડા કીટકશાસ્ત્ર, બી.એ.સી.એ, આકૃયુ, આણંદ દ્વારા જંતુનાશકોના મિશ્રણ કરવાની સુસંગતતા પ્રમાણના આધારે કીટનાશક દવાઓનો જથ્થો અને પ્રમાણ તથા દવા છટકાવમાં થતા ખર્ચની ગણતરીની સમજણ પુરી પાડેલ હતી. ડૉ. મનીષકુમાર આર. ડાભી, મદદનીશ પ્રાદ્યાપક, કૃષિ મહાવિદ્યાલય, આકૃયુ, જબુગામ દ્વારા કીટનાશકના ઉપયોગ માટે વપરાતા જુદા જુદા ઉપકરણોની ઓળખ તેમજ કીટનાશકના ઉપયોગ દરમ્યાન લેવામાં આવતા સલામતીના પગલઓ વિશે માહિતી પુરી પાડેલ હતી.

કોર્ષમા સામેલ ઇનપુટ ડિલરોએ કીટનાશક દવાઓનો જથ્થો અને પ્રમાણ તથા દવા છટકાવમાં થતા ખર્ચની ગણતરીની જાતે કરેલ અને ખેતરમાં દવાના પંપ દ્વારે જાતે છટકાવનો અનુભવ લિધેલ હતો.

ઇન્સ્ટીટયુટ ઓફ ડીસ્ટન્સ એજયુકેશન, આ.કૃ.યુ., આણંદ કચેરી દ્વારા ઇનપુટ ડિલરોને સર્ટિફિકેટ કોર્ષનું સાહિત્ય ( તાલીમ સંપુટ અને પ્રેક્ટીકલ મેન્યુઅલ) વિતરણ કરવામાં આવ્યુ.

તા. 30-31 જુલાઇ, 2021 ના રોજ ઇન્સ્ટીટયુટ ઓફ ડીસ્ટન્સ એજયુકેશન (આઇડિયા), આ.કૃ.યુ., આણંદ દ્વારા કીટનાશક દવાઓના ઉપયોગ માટે વપરાતા ઉપકરણોની ઓળખ તેમજ સલામતીના પગલાઓ વિશે પ્રાયોગિક તાલીમ









